eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 127
January 25, 2008

## પૂર્વઝોન ( વરાછા ) મિલ્કતવેરા અંગે કરેલ કામગીરી



પૂર્વઝોન(વરાછા)ના આકારણી અને વસુલાત વિભાગે મિલ્કતવેરો ભરવામાં અખાડા કરતા મિલ્કતદારો સામે કાયદેસરના સખત પગલાં ભરવાનો અભિયાન શરૂ કરેલ છે. જેમાં આજરોજ મેઈનરોડ પર આવેલ અને ધનામલ મીલના નામે ઓળખાતી મિલ્કતનો વેરો ઘણા લાંબા સમયથી બાકી હતો. આજની તારીકે આ જગાનો કુલ વેરો રૂા. ૯,૮૬,૧૯૬/–થી વધુ થઈ ગયેલ છે

વધુ માટે કલીક કરો >>>>>>

## બી.પી.એલ. યાદી અંગે સ્પષ્ટતા

માત્ર નીચે જણાવેલ પાત્રતા ધરાવતા પરિવારોને શહેરી ગરીબોની બી.પી.એલ.યાદીમાં સમાવેશ કરાવવામાં આવે છે.

- માથાદીઠ માસિક આવક રૂા. ૫૦૧.૧૪ થી ઓછી
- તેઓનું મકાન કાચુ અથવા અર્ધ કાચું
- તેઓનાં ઘરમાં વૈભવી રાચરચીલું એટલે કે ફ્રીઝ, ટી.વી. ન હોય તેવા કુટુંબો.

વધુ માટે કલીક કરો >>>>>>

## –:: પશ્ચિમઝોન(રાંદેર)ની કામગીરી ::–

- સુરત મહાનગરપાલિકાના પશ્ચિમઝોન(રાંદેર)માં જહાંગીરપુરા ટી.પી.સ્કીમ નં.૪૬, પ્રારંભિક યોજનાનો એવોર્ડ નગર રચના અધિકારીશ્રી રૂઘનાથપુરા ધ્વારા તા.૦૩–૦૧–૨૦૦૮નાં રોજ જાહેર થતાં આ યોજનામાં આવેલ મુખ્ય લીન્કીંગરોડ જહાંગીરપુરા, જીનથી વરીયાવી જકાતનાકા તરફ જતો મુખ્ય રસ્તો થતાં જહાંગીરપુરા જીનથી ઓલપાડ તરફ જતાં મુખ્ય રસ્તાને જોડતો લીંક રોડ ફા. પ્લોટ નં.૩૦ થી ફા.પ્લોટ નં.૨૮ સુધીનો ૧૫.૦ મીટરનો રસ્તો આજરોજ સ્થાનિક જમીન માલિકો સાથે વાટાઘાટ કરી રાજીખુશીથી આશરે ૩૭૫૦૦ ચો.ફુટ રસ્તા પૈકીની જગ્યા રસ્તાના હેતુ માટે ખુલ્લી કરેલ છે
- સુરત મહાનગરપાલિકાના પશ્ચિમ ઝોન (રાંદેર)માં મોજે વરીયાવ ગામનો હાલમાં સમાવિષ્ટ થયેલ નવા વિસ્તારમાં સમાવેશ થયેલ છે. મોજે વરીયાવ, અમરોલી–સાયણ રોડ ઉપર સાયણ ચેકપોસ્ટ પાસે બ્લોક નં.૧૨૩૩/૧માં ગેરકાયદેસર બાંધકામ શરૂ કરેલ હોવાની સુરત મહાનગરપાલિકામાં જાણ કરતાં પશ્ચિમ ઝોન ધ્વારા આજરોજ સ્થળ તપાસ કરતાં સ્થળ ઉપર ઉકત બ્લોક નં.૧૨૩૩/૧ માં સુરત મહાનગરપાલિકાની મંજુરી મેળવ્યા વિના આશરે ૮.૬૦ મી. × ૬.૭૦ મી. માપ વિસ્તારમાં ગ્રાઉન્ડ ફલોર પર દુકાનોનું આયોજન કરી પ્રથમ માળે ફલેટ બનાવવા અંગેનું ગેરકાયદેસર બાંધકામ ચાલતુ હોવાનું જણાયેલ. જે બાબતે આજરોજ પશ્ચિમ ઝોનના દબાણ સ્ટાફ ધ્વારા સ્થળ ઉપરથી સટર્સ દુર કરી દિવાલોમાં ગાબડા પાડી દુર કરવાની કામગીરી શરૂ કરવામાં આવેલ
- આજરોજ તા.૨૨/૧/૨૦૦૮ના રોજ બપોરે ૩:૦૦ કલાકે તપન હોલ પાસે આવેલ શાકમાર્કેટમાં ૧૨૪ (અંકે એકસો ચોવીસ ) ઓટલા માટે ફાળવણીનો કાર્યક્રમ રાખવામાં આવેલ હતો

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા ધ્વારા સુભાષચંદ્ર બોઝની ૧૧૧ મી જન્મ જયંતિની ઉજવણી

સુરત મહાનગરપાલિકા ધ્વારા નેતાશ્રી સુભાષચંદ્ર બોઝની ૧૧૧ મી જન્મ જયંતિ નિમિત્તે તા.૨૩–૧–૨૦૦૮ ને બુધવારના રોજ સવારે ૮–૩૦ કલાકે ગોપીપુરા, સુભાષચોક ઉપર આવેલ નેતાજીના સ્મારક પાસે પુષ્પાંજલિનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.



વધુ માટે કલીક કરો >>>>>>

## સાઉથ ઝોન(ઉધના)ની કામગીરી

સાઉથઝોન(ઉધના) વિસ્તારમાં ડે.મ્યુ.કમિશનરશ્રી(જન.) મહેશસિંહ સાહેબના માર્ગદર્શન હેઠળ તા.૨૩/૧/૨૦૦૮ના રોજ પાંડેસરા જી.આઈ.ડી.સી.માં સેન્ટ્રલ પાર્ટની સામેથી પસાર થતાં ૨૪.૦ મી. પહોળા રસ્તા ઉપર, પ્લોટ નં.૧૭૫ થી ૨૫૧ સુધીના ૨૪.૦ મી.ના રસ્તા ઉપર ભાવીન તથા જીટેક્ષ મીલની આજુબાજુ, પ્લોટ નં.૧૦૪ થી ૧૨૩ સુધીના ૨૪.૦ મી. ના રસ્તા ઉપર સી.સી.કેમીકલ તથા કનિષ્કા ડાઈંગની આજુબાજુ તેમજ પાંડેસરા પોલીસ સ્ટેશનવાળા રોડ ઉપર રસ્તાની બન્ને બાજુ ૩૫ લારી ગલ્લાના દબાણો તથા ૧૫ બામ્બુ તાડપત્રી, પતરા થી બનાવેલ કાચી કેબીનો સહિતનું દબાણ સાઉથઝોન(ઉધના)ના દબાણ સ્ટાફ, સીકયુરીટી સ્ટાફની મદદથી દૂર કરી આશરે ૧૫૦૦ ચો.મી.રસ્તો ખુલ્લો કરી રૂા.૮૦૦૦/– વહીવટી ચાર્જ વસુલ લેવામાં આવેલ છે.

વધુ માટે કલીક કરો >>>>>>

## સાઉથ ઈસ્ટ ઝોન હેઠળના વી.બી.ડી.સી.વિભાગની કામગીરી

સુરત શહેરમાં હાલની પ્રવર્તમાન પરિસ્થિતિમાં મે.કમિશનરશ્રી તરફથી આરોગ્યલક્ષી સેવાની કામગીરી વધુ સઘન બનાવવા આદેશ જારી કરેલ છે.

વધુ માટે કલીક કરો >>>>>>

# પૂર્વઝોન ( વરાછા ) મિલ્કતવેરા અંગે કરેલ કામગીરી



પૂર્વઝોન(વરાછા)ના આકારણી અને વસુલાત વિભાગે મિલ્કતવેરો ભરવામાં અખાડા કરતા મિલ્કતદારો સામે કાયદેસરના સખત પગલાં ભરવાનો અભિયાન શરૂ કરેલ છે. જેમાં આજરોજ મેઈનરોડ પર આવેલ અને ધનામલ મીલના નામે ઓળખાતી મિલ્કતનો વેરો ઘણા લાંબા સમયથી બાકી હતો. આજની તારીકે આ જગાનો કુલ વેરો રૂા. ૯,૮૬,૧૯૬/–થી વધુ થઈ ગયેલ છે. ધનામલ મીલ ફટચામાં જતાં આ વેરો કોઈ ભરતું ન હતું. મુંબઈ હાઈકોર્ટના રીસીવર તરીકે નિમવામાં આવેલ હતી. આ મિલ્કત લક્ષ્મી ડાયમંડના સંચાલકો ધ્વારા ખરીદવામાં આવેલ છે. આ જગા વરાછા મેઈનરોડ પર આવેલ મોકાની જગા છે. અને તેની બજાર કિંમત કરોડોમાં થવા જાય છે. મહાનગરપાલિકાએ આજે આ જગ્યાનો કબજો લીધેલ છે. અને જો દિન–૭માં આ સમગ્ર વેરો ભરપાઈ ન થાય તો જાહેર હરાજી ધ્વારા વેરો વસુલ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. અથવા જગા પર મહાનગરપાલિકાએ પોતે કબજો કરેલ છે. અને અધિકૃત વ્યકિતએ આ મિલ્કતમાં પ્રવેશ કરવો નહીં, તે મુજબની નોટીસ પ્રસિધ્ધ કરેલ છે.

તે જ પ્રમાણે વરાછા વિસ્તારમાં મોહનની ચાલ, રૂવાલા કંમ્પાઉન્ડમાં આવેલ કલ્યાણભાઈ ભવાનભાઈની માલિકીની મિલ્કતમાં કુલ વેરો રૂા.૧૧,૯૧,૪૦૫/– બાકી હતો. આ મિલ્કતદારો વર્ષોથી વેરો ભરવામાં અખાડા કરતાં હતા. આજરોજ આ મિલ્કતનો કબજો મહાનગરપાલિકાએ લીધેલ છે.અને દિન–૭માં જો વેરો ભરપાઈ ન થાય તો જાહેર હરાજી કરવામાં આવશે.

આ સમગ્ર કાર્યવાહી મે. કમિશ્નરશ્રીની સુચના મુજબ પૂર્વઝોન(વરાછા)ના આકારણી વિભાગના સ્ટાફે બજાવેલ છે. અને આગામી દિવસોમાં વેરો ભરવામાં અખાડા કરતાં મિલકતદારો સામે કાયદેસરનાં પગલાં જેમાં નળ કનેકશન કાપવા, જંગલ મિલકતની જપ્તિ, સ્થાયી મિલકતને ટાંચમાં લઈ હરાજી કરવા સુધીના પગલાં ભરવામાં આવશે.

TOP

## બી.પી.એલ. યાદી અંગે સ્પષ્ટતા

માત્ર નીચે જણાવેલ પાત્રતા ધરાવતા પરિવારોને શહેરી ગરીબોની બી.પી.એલ.યાદીમાં સમાવેશ કરાવવામાં આવે છે.

માથાદીઠ માસિક આવક રૂા. ૫૦૧.૧૪ થી ઓછી

તેઓનું મકાન કાચુ અથવા અર્ધ કાચું

તેઓનાં ઘરમાં વૈભવી રાચરચીલું એટલે કે ફ્રીઝ, ટી.વી. ન હોય તેવા કુટુંબો

સુરત શહેરમાં ૨૦૦૭માં ઘરે ઘર સર્વે કરીને આવા બી.પી.એલ.કુટુંબો ઓળખી કાઢવામાં આવેલ છે. જેની પાત્રતા ચકાસીને બી.પી.એલ.કુટુંબોની યાદી, સુરત મહાનગરપાલિકા ધ્વારા હાલ તમામ સિવિક સેન્ટરો અને યુ.સી.ડી.ઓફીસમાં પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. તે યાદીમાં બી.પી.એલ.કુટુંબોનું પોતાનાં નામનો સમાવેશ છે કે કેમ, તે તપાસી લેવા વિનંતી.

જે કુટુંબોનો ૨૦૦૭માં સર્વે થયેલ નથી અથવા ઉપર જણાવેલ પાત્રતા ધરાવતા હોય છતાં જે કુટુંબોના નામ ઉકત યાદીમાં સમાવેશ થયેલ નથી માત્ર એવા કુટુંબોને જ નવેસરથી અરજી કરવાની રહેશે. અરજી સિવિક સેન્ટર ઝોન ઓફિસમાંથી સ્થળ ચકાસણી અને પુરાવાઓ તપાસીને, ત્યારબાદ જ અરજદારના નામ બી.પી.એલ.યાદીમાં સમાવેશ થઈ શકશે.

તેથી ઉપર જણાવેલ પાત્રતા ધરાવતા ન હોય, અથવા ૨૦૦૭માં સર્વે થઈ ગયેલ હોય તેવા કુટુંબોએ નવેસરથી અરજી કરવાની રહેતી નથી. જેની નોંધ લેવા વિનંતી છે.

અન્ય કોઈ અફવા કે ખોટી દોરવણીથી ભરમાઈને બિનજરૂરી ફરીથી અરજી કરવાની જરૂર નથી.

TOP

## –:: પશ્ચિમઝોન(રાંદેર)ની કામગીરી ::–

સુરત મહાનગરપાલિકાના પશ્ચિમઝોન(રાંદેર)માં જહાંગીરપુરા ટી.પી.સ્કીમ નં.૪૬, પ્રારંભિક યોજનાનો એવોર્ડ નગર રચના અધિકારીશ્રી રૂધનાથપુરા ધ્વારા તા.૦૩–૦૧–૨૦૦૮નાં રોજ જાહેર થતાં આ યોજનામાં આવેલ મુખ્ય લીન્કીંગરોડ જહાંગીરપુરા, જીનથી વરીયાવી જકાતનાકા તરફ જતો મુખ્ય રસ્તો થતાં જહાંગીરપુરા જીનથી ઓલપાડ તરફ જતાં મુખ્ય રસ્તાને જોડતો લીંક રોડ ફા. પ્લોટ નં.૩૦ થી ફા.પ્લોટ નં.૨૮ સુધીનો ૧૫.૦ મીટરનો રસ્તો આજરોજ સ્થાનિક જમીન માલિકો સાથે વાટાઘાટ કરી રાજીખુશીથી આશરે ૩૭૫૦૦ ચો.ફુટ રસ્તા પૈકીની જગ્યા રસ્તાના હેતુ માટે ખુલ્લી કરેલ છે. આ રસ્તો ખુલ્લો કરવાથી આ બન્ને રસ્તા ઉપર ટ્રાફિકને અવરજવર સરળ થશે. આ રસ્તો ખુલ્લો થવાથી પાયાની સુવિધા જેવી કે, પાણી, રસ્તા, ગટર લાઈન નાંખવાના કામો તાકીદે હાથ ધરી શકાશે.

ઉપરોકત કામગીરી મા.ઝોનલ ચીફ શ્રીની સુચનાથી તથા કાર્યપાલક ઈજનેરશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ પશ્ચિમઝોનના શહેર વિકાસ / દબાણ વિભાગના સ્ટાફ ધ્વારા પૂર્ણ કરવામાં આવેલ છે.

TOP

## –:: પશ્ચિમઝોન(રાંદેર)ની કામગીરી ::–

સુરત મહાનગરપાલિકાના પશ્ચિમ ઝોન (રાંદેર)માં મોજે વરીયાવ ગામનો હાલમાં સમાવિષ્ટ થયેલ નવા વિસ્તારમાં સમાવેશ થયેલ છે. મોજે વરીયાવ, અમરોલી–સાયણ રોડ ઉપર સાયણ ચેકપોસ્ટ પાસે બ્લોક નં.૧૨૩૩/૧માં ગેરકાયદેસર બાંધકામ શરૂ કરેલ હોવાની સુરત મહાનગરપાલિકામાં જાણ કરતાં પશ્ચિમ ઝોન ધ્વારા આજરોજ સ્થળ તપાસ કરતાં સ્થળ ઉપર ઉકત બ્લોક નં.૧૨૩૩/૧ માં સુરત મહાનગરપાલિકાની મંજુરી મેળવ્યા વિના આશરે ૮.૬૦ મી. × ૬.૭૦ મી. માપ વિસ્તારમાં ગ્રાઉન્ડ ફલોર પર દુકાનોનું આયોજન કરી પ્રથમ માળે ફલેટ બનાવવા અંગેનું ગેરકાયદેસર બાંધકામ ચાલતુ હોવાનું જણાયેલ. જે બાબતે આજરોજ પશ્ચિમ ઝોનના દબાણ સ્ટાફ ધ્વારા સ્થળ ઉપરથી સટર્સ દુર કરી દિવાલોમાં ગાબડા પાડી દુર કરવાની કામગીરી શરૂ કરવામાં આવેલ. દરમ્યાનમાં આ ગેરકાયદેસર બાંધકામ કરનાર ફતેહલાલ મદનલાલ શાહે સ્થળ ઉપર આવી સદરહુ બાંધકામ અંગે સુરત મહાનગરપાલિકામાં પ્લાનો રજુ કરી બાંધકામ નિયમબધ્ધ કરાવવા તથા નિયમબધ્ધ ન થઈ શકે તેવું બાંધકામ દિન–૭ માં જાતે દુર કરવાની બાંયધરી આપે આ ગેરકાયદેસર બાંધકામ શકે તેવું બાંધકામ દિન–૭માં જાતે દુર કરવાની બાંહેધરી આપેલ. આ ગેરકાયદેસર બાંધકામ કરનાર ઈસમ શ્રી ફતેહલાલ મદનલાલ શાહ પાસેથી રૂા. ૫૦,૦૦૦/– ઈજનેરી વહીવટી ચાર્જ પેટે સ્થળ ઉપર વસુલ લેવામાં આવેલ છે.

વધુમાં સુરત–વરીયાવ મેઈન રોડ ઉપર આવેલા ખોડીયારધામ મંદિરની ઉત્તર–પૂર્વ દિશાએ સૂચિત ૯૦ મીટરના આઉટર રીંગરોડ ઉપર ચાલતું કમ્પાઉન્ડ વોલનું બાંધકામ સુચિત રસ્તાની અસર હેઠળ આવતું હોવાનું જણાતા આશરે ૧૫૦ ફુટ લંબાઈમાં ચણી દેવામાં આવેલ ગેરકાયદેસર દિવાલ દુર કરવામાં આવેલ છે.

વધુમાં પશ્ચિમ ઝોન(રાંદેર)માં પાલનપુર જકાત નાકાથી સરોજીની નાયડુ શાકમાર્કેટ તરફ જતાં રસ્તા ઉપરથી તથા પાલનપુર જકાત નાકાથી પાલનપુર ગામ તરફ જતાં રસ્તા ઉપરથી તા.૨૧/૦૧/૨૦૦૮ના રોજ ઝોનના દબાણ સ્ટાફ મારફત લારી–ગલ્લા વિ. નું દબાણ હટાવવાની કામગીરી હાથ ધરી કુલ–૨૧ લારીઓ જપ્ત કરવામાં આવેલ છે.

ઉપરોકત તમામ કામગીરી ઝોનલ ચીફશ્રીની સુચના અને કાર્યપાલક ઈજનેરશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ પશ્ચિમ ઝોનના શહેર વિકાસ વિભાગના સ્ટાફ ધ્વારા પૂર્ણ કરવામાં આવેલ છે.

TOP

## –:: પશ્ચિમઝોન(રાંદેર)ની કામગીરી ::–

આજરોજ તા.૨૨/૧/૨૦૦૮ના રોજ બપોરે ૩ઃ૦૦ કલાકે તપન હોલ પાસે આવેલ શાકમાર્કેટમાં ૧૨૪ (અંકે એકસો ચોવીસ ) ઓટલા માટે ફાળવણીનો કાર્યક્રમ રાખવામાં આવેલ હતો.

રાંદેર ઝોનમાં ધબકાર સર્કલથી જયઅંબે સર્કલ સુધી જાહેરમાર્ગ પર શાકભાજી અને ફળો વેચતા ફેરિયાઓનું સાંજના સમયે વિશેષ પ્રમાણમાં દબાણ રહેતું હોય જેના લીધે ટ્રાફિકના પ્રશ્નો ઉપસ્થિત થતાં હતા. જે ધ્યાને લઈ ઝોનલ ચીફશ્રી ધ્વારા તપન હોલ પાસે ખુલ્લા પ્લોટમાં શાકભાજી માર્કેટનું આયોજન કરી ૧૪૮ ઓટલા બનાવવામાં આવેલ હતા. ઉપરોકત વિસ્તારના ફેરિયાઓને જુદી જુદી વખતે તપાસણી કરી ફોટોગ્રાફી કરી ૧૨૪ જેટલા ફેરીયાઓને યાદી તૈયાર કરવામાં આવેલ હતી. તદ્દઅનુસાર આજરોજ આ તમામ ૧૨૪ ફેરિયાઓને ઓટલા ફાળવવામાં આવેલ છે.

આ કાર્યક્રમમાં આસી.આરોગ્ય અધિકારીશ્રી એ.પી.ભટ્ટ, ડે.ઈજનેરશ્રી ડી.આર.ગોહિલ, મુખ્ય આરોગ્ય નિરીક્ષકશ્રી એચ.આર.શાહ, માર્કેટ અને વોર્ડ ઓફિસના સ્ટાફ સ્થાનિક કાર્યકરો તથા શાકભાજી–ફળોના ફેરીયાઓની બહોળી હાજરીમાં ઓટલાની યાદૃચ્છિક પસંદગી સર્વસંમતિથી કરવામાં આવી હતી.

TOP

# સુરત મહાનગરપાલિકા ધ્વારા સુભાષચંદ્ર બોઝની ૧૧૧ મી જન્મ જયંતિની ઉજવણી




સુરત મહાનગરપાલિકા ધ્વારા નેતાશ્રી સુભાષચંદ્ર બોઝની ૧૧૧ મી જન્મ જયંતિ નિમિત્તે તા.૨૩–૧–૨૦૦૮ ને બુધવારના રોજ સવારે ૮–૩૦ કલાકે ગોપીપુરા, સુભાષચોક ઉપર આવેલ નેતાજીના સ્મારક પાસે પુષ્પાંજલિનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે મા.ડે.મેયર શ્રીમતી કૌશિકાબેન દેસાઈ, શાસક પક્ષના નેતા ડૉ. જગદીશભાઈ પટેલ, કમિશનર કુ.એસ.અપર્ણા, ધારાસભ્યશ્રી રણજીતભાઈ ગીલીટવાલા, સાંસ્કૃકિત સમિતિના અધ્યક્ષ શ્રીમતી જયોતિબેન કોઠિયા, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુ.સભ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ તથા શહેરીજનોએ નેતાજીને પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

આ પ્રસંગે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ શાળાના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં હાજર રહી નેતાજી સુભાષચંદ્ર બોઝ વિશે વકતવ્ય રજુ કરી રાષ્ટ્રીય નારાઓથી નેતાજીને યાદ કર્યા હતા.

TOP

## સાઉથ ઝોન(ઉધના)ની કામગીરી

સાઉથઝોન(ઉધના) વિસ્તારમાં ડે.મ્યુ.કમિશ્નરશ્રી(જન.) મહેશસિંહ સાહેબના માર્ગદર્શન હેઠળ તા.૨૩/૧/૨૦૦૮ના રોજ પાંડેસરા જી.આઈ.ડી.સી.માં સેન્ટ્રલ પાર્ટની સામેથી પસાર થતાં ૨૪.૦ મી. પહોળા રસ્તા ઉપર, પ્લોટ નં.૧૭૫ થી ૨૫૧ સુધીના ૨૪.૦ મી.ના રસ્તા ઉપર ભાવીન તથા જીટેક્ષ મીલની આજુબાજુ, પ્લોટ નં.૧૦૪ થી ૧૨૩ સુધીના ૨૪.૦ મી. ના રસ્તા ઉપર સી.સી.કેમીકલ તથા કનિષ્કા ડાઈંગની આજુબાજુ તેમજ પાંડેસરા પોલીસ સ્ટેશનવાળા રોડ ઉપર રસ્તાની બન્ને બાજુ ૩૫ લારી ગલ્લાના દબાણો તથા ૧૫ બામ્બુ તાડપત્રી, પતરા થી બનાવેલ કાચી કેબીનો સહિતનું દબાણ સાઉથઝોન(ઉધના)ના દબાણ સ્ટાફ, સીકયુરીટી સ્ટાફની મદદથી દૂર કરી આશરે ૧૫૦૦ ચો.મી.રસ્તો ખુલ્લો કરી રૂા.૮૦૦૦/– વહીવટી ચાર્જ વસુલ લેવામાં આવેલ છે.

TOP

## સાઉથ ઈસ્ટ ઝોન હેઠળના વી.બી.ડી.સી.વિભાગની કામગીરી

## સુરત મહાનગરપાલિકાના સાઉથ ઈસ્ટ ઝોન હેઠળના વી.બી.ડી.સી.વિભાગ ધ્વારા આદરેલી સઘન ઝુંબેશ :–

સુરત શહેરમાં હાલની પ્રવર્તમાન પરિસ્થિતિમાં મે.કમિશનરશ્રી તરફથી આરોગ્યલક્ષી સેવાની કામગીરી વધુ સઘન બનાવવા આદેશ જારી કરેલ છે. જેના ભાગરૂપે સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)ના ઝોનલ વડાશ્રી ડાૅ.આઈ.સી.પટેલ ના સંપૂર્ણ માર્ગદર્શન હેઠળ કાર્યપાલક ઈજનેરશ્રી એન.કે.પરમાર ની સુચના મુજબ વી.બી.ડી.સી. વિભાગ ધ્વારા ખાસ ઝુંબેશરૂપે આજરોજ તા.૨૨/૧/૨૦૦૮ના રોજ નવાગામ ખાતે આવેલ ચેતનનગર વિસ્તારમાં જાહેર જનતાને આરોગ્યલક્ષી શિક્ષણ આપી કુલ ૫૦૦ જેટલાં પેમ્પલેટનું વિતરણ કરવામાં આવેલ તથા કુલ ૧૧૩ ઈસમોને મેલેરિયાના પરિક્ષણ અર્થે લોહીના નમૂના એકત્રિત કરવામાં આવેલ. વધુમાં ચેતનનગર ખાતે જાહેરમાં વપરાશી પાણી બહાર કાઢી મચ્છર જન્ય પરિસ્થિતિ ઉત્પન્ન કરતા કુલ ૪૭ ઈસમોને નોટીસ આપવામાં આવેલ અને સમગ્ર વિસ્તારમાં જંતુનાશક દવાનો છંટકાવ કર કુલ–૧૫ જેટલાં ટાયરો–માટલા તથા ૦૩ કન્ટેનરો જપ્ત કરેલ.

વધુમાં લિંબાયત ખાતે આવેલ નીલગીરી વિસ્તારમાં જાહેરમાર્ગ ઉપર મજૂરીકામ માટે હાજર રહેલ વિવિધ વિસ્તારના મજૂરોમાં મેલેરિયાનું પ્રમાણ જાણવા માટે કુલ ૮૯ મજૂરોના લોહીના નમૂના એકત્રિત કરી જરૂરી સારવાર આપવામાં આવેલ.

સમગ્ર કામગીરી સાઉથ ઈસ્ટ ઝોન (લીંબાયત) ના આસી.જંતુનાશક અધિકારીના નેજાહેઠળ કુલ ૦૭ ટીમ બનાવી કામગીરી હાથ ધરેલ.

આથી જાહેર જનતાને નિવેદન કરવામાં આવે છે કે તમાર ઘરે આવતાં કર્મચારીને સાથ–સહકાર આપી તેમની સૂચના મુજબ વર્તવા અનુરોધ કરવામાં આવે છે.

TOP